# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-01-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **રાજ્યભરમાં પવન સારો રહેતાં પતંગરસિકો ઉમંગભેર ઉત્તરાયણ ઉજવી રહ્યાં છે.**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં હાઉસિંગ બોર્ડના આવાસો નું ભૂમિપૂજન કર્યું અને વિવિધ વિસ્તારમાં પતંગ ચગાવી**
3. **સાયબર ક્રાઈમ પોલીસે વડોદરા માં ત્રણ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરનારા ચાર આરોપીની ધરપકડ કરી.**
4. **રાજ્યમાં આગામી ચોવીસ કલાક બાદ ઠંડી ઘટવાની આગાહી**
5. **રાજકોટમાં રમાઈ રહેલી એક દિવસીય શ્રેણીની બીજી મેચમાં ભારતે ન્યૂઝિલેન્ડને જીતવા 285 રનનો લક્ષ્યાંક આપ્યો.**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# REV UTTRAYAN OVERALL

**રાજ્યભરમાં આજે ઉત્તરાયણની ભવ્ય ઉજવણી થઈ રહી છે.દરેક ધાબા પરથી "એ લપેટ.... કાઈપો છે" જેવા ઉલ્લાસભર્યા અવાજ સંભળાઈ રહ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો પણ રાજ્યમાં વિવિધ જગ્યાએ પતંગ મહોત્સવની ઉજવણીમાં જોડાયા હતા.**

## (VOICECAST: AJAY INDREKAR)

(....રાજ્યભરમાં ઉત્તરાયણ નિમિત્તે આજે પરંપરા, આસ્થા અને ઉત્સવનો ત્રિવેણી સંગમ જોવા મળી રહ્યો છે. ઉત્તરાયણની આતુરતાથી રાહ જોનારા પતંગરસિકો તો સૂર્યોદય થતાં પહેલાંથી જ પતંગ ચગાવવા ધાબા પર પહોંચી ગયા છે. રાજ્યભરનું આકાશ પણ રંગબેરંગી અને આકર્ષક પતંગોથી રંગાયેલું જોવા મળ્યું હતું. આખો દિવસ પવન પણ સારો રહેતાં પતંગરસિકોએ હોંશેહોંશે પતંગ ચગાવી હતી. મહોલ્લાઓ , પોળો અને સોસાયટી વિસ્તારમાં પતંગ ચગાવવાની સાથે લોકોએ લાડુ, ચિક્કી, શેરડી, જામફળ,બોર,ગાજર,ઊંધિયું જેવી સ્વાદિષ્ટ ખાણી-પીણીનો આનંદ માણ્યો હતો. સવારથી જ લોકો ધાબા ઉપર લોકો પીપૂડી વગાડતા અને ડી જે ના તાલે સંગીત માણી રહ્યા છે. નાના બાળકોથી માંડીને વડીલો પણ કાળા ગોગલ્સ અને ટોપી પહેરીને ધાબા પર જ ચા નાસ્તો અને વિવિધ ખાણીપીણી વસ્તુઓની મઝા માણી રહ્યા છે. સવારથી જ એ.. કાપ્યો.... પકડ્યો... જેવા શબ્દોનો ગુંઝારવ સંભળાઇ રહ્યો છે. ઉત્તરાયણે દાન કરવાનું મહત્વ હોવાથી લોકો સવારથી જ ગાયને ચારો નીતરતા જોવા મળી રહ્યા છે.

બીજી તરફ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ આજે અમદાવાદના નારણપુરા , અખબારનગર અને નવા વાડજમાં સ્થાનિકો સાથે મળી પતંગ ચગાવી હતી. જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં સેન્ટ્રલ વિસ્ટા ખાતે પતંગ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો. સાથે જ તેમણે લોકો સાથે મળી પતંગ ચગાવી અને નાગરિકોને લાડુ તથા ચિક્કીનું વિતરણ કર્યું. શ્રી પટેલે રાજ્યના લોકોને મકરસંક્રાંતિના પાવન પર્વની શુભેચ્છાઓ પણ પાઠવી. ત્યારબાદ તેમણે અમદાવાદમાં ઐતિહાસિક દરિયાપુર વિસ્તારના વાડીગામ ખાતે સ્થાનિકો સાથે મળી ઉત્તરાયણની ઉજવણી કરી. તો , નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં પરિવાર સાથે ઉત્તરાયણની મજા માણી લોકોને સુરક્ષિત રીતે પર્વની ઉજવણી કરવા અપીલ કરી હતી.

અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ

---

## AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શા હે રાજ્યના પ્રવાસના બીજા દિવસે આજે સવારે અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં દર્શન કર્યાં. મંદિર પરિસરમાં તેમણે ગૌપૂજન પણ કર્યું હતું. ત્યારબાદ શ્રી શાહે અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ગુજરાત હાઉસિંગ બોર્ડની રિડેવલપમેન્ટ યોજના હેઠળ સૂર્યા એપાર્ટમેન્ટ વિભાગ-2નું ભૂમિપૂજન કર્યું હતું.

ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રીએ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ઉત્તરાયણ નિમિત્તે પરિવાર અને કાર્યકર્તાઓ સાથે પતંગ ચગાવવાનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ શ્રી શાહે અખબારનગર અને નવા વાડજમાં પતંગોત્સવની ઉજવણીમાં ભાગ લીધો હતો.

---------------------------------------------------------------

## PATAN SIDDHPUR NO UTTRAYAN

રાજ્યભરમાં આજે લોકો પતંગ ચગાવી રહ્યા છે , પરંતુ પાટણ જિલ્લાના પ્રાચીન શહેર સિદ્ધપુરમાં લોકોએ પતંગ ન ચગાવી વર્ષો જૂની પરંપરા આજે પણ જાળવી રાખી છે. આ પાછળનું કારણ શું છે... તે અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિ રમેશ સોલંકીનો અહેવાલ.

(VOICECAST: RAMESH SOLANKI)

---------------------------------------------------------

## VADODARA CYBER CRIME

વડોદરા સાયબર ક્રાઇમ પોલીસે ત્રણ કરોડ 50 લાખ રૂપિયાથી વધુની છેતરપિંડી કરનારા ચાર આરોપીની ધરપકડ કરી છે. સાયબર ક્રાઈમના SP વિવેક ભેડાએ કહ્યું, આરોપીઓએ શહેરના મોટી વયના એક નાગરિક સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી તેમની સાથે છેતરપિંડી કરી હતી. આરોપીઓ સામે  અંદાજે 460 કરોડ રૂપિયાની છેતરપિંડીની 428 જેટલી ફરિયાદ નોંધાઈ હોવાનો ખુલાસો થયો છે.

(BYTE: VIVEK BHEDA, SP, CYBER CRIME)

---

## HARSH SANGHAVI WARNING

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે રાજ્યના તમામ લોકોને સલામત રીતે ઉત્તરાયણ ઉજવવા અપીલ કરી હતી. સાથે જ શ્રી સંઘવીએ ગુનેગારોને ચેતવણી પણ આપી હતી.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

---

## UTTRAYAL OVERALL EVENING

રાજ્યભરમાં મંત્રીઓથી લઈ વિવિધ નેતાઓએ પણ પોતપોતાના પરિવાર સાથે ઉત્તરાયણ ઉજવી. ભાવનગરમાં કૅબિનેટ મંત્રી જીતુ વાઘાણીએ મહાનગરપાલિકાના અધિકારીઓ અને પક્ષના કાર્યકર્તાઓની સાથે પતંગ ચગાવી હતી.

જ્યારે બનાસકાંઠામાં દાન-પુણ્ય અને આસ્થાના પર્વ મકરસંક્રાંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. આકાશી યુદ્ધની સાથે જિલ્લામાં માનવતા અને જીવદયાનો પણ અનેરો સંગમ જોવા મળ્યો. પાલનપુર, ડીસા, થરાદ અને વાવ , દિયોદર, ભાભર, ધાનેરા, કાંકરેજ સહિતના તાલુકાની ગૌશાળામાં સવારથી જ શ્રદ્ધાળુઓ જોવા મળ્યા હતા.

અમરેલીમાં જિલ્લા પોલીસે જરૂરિયાતમંદ પરિવારના બાળકોને પતંગ અને દોરીનું વિતરણ કરી ઉત્તરાયણ ઉજવી હતી. સાથે જ પોલીસે ઘાતક ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા પણ સૌને અપીલ કરી હતી.

ડાંગમાં શબરીમાતાનાં વંશજોની ઉપસ્થિતિમાં મકરસંક્રાંતિની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી.

---

## 108 - emergencies

રાજ્યમાં ઉત્તરાયણ તહેવાર નિમિત્તે પતંગ ઉડાડતા પડી જવાથી,દોરીથી ઇજા થવાના તેમજ અકસ્માતમાં ઇજા થવાના 108 ઈમરજન્સી સેવાને સાંજનાં 6 વાગ્યા સુધી 3 હજાર 810 ઈમરજન્સી કૉલ

મળ્યા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે 492 કૉલનો વધારો થયો છે.

-----------------------------------------------------

## WEATHER FORECAST

**રાજ્યમાં આગામી 24 કલાકમાં તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા નહીંવત્ છે. ત્યારબાદ ઠંડીમાં ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગે જણાવ્યું કે, રાજ્યના અનેક જિલ્લામાં ઠંડીનો પારો ગગડ્યો છે. હાલ પાંચ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું છે. જ્યારે કંડલા વિમાનમથક અને રાજકોટમાં નવ-નવ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.**

**આ સિવાયના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનનો પારો 10 ડિગ્રી અને તેનાથી વધુ નોંધાયાના અહેવાલ છે.**

-----------------------------------------------------------------

## BOTAD-SARANGPUR

બોટાદના સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરમાં હનુમાન દાદાની મૂર્તિને પતંગ અને દોરીનો શણગાર કરાયો . તેમજ વિવિધ પ્રકારની ચીકી અને લાડુનો અન્નકૂટ ધરાવાયો હોવાનું સાળંગપુર મંદિરના હરિપ્રકાશદાસજી સ્વામીએ જણાવ્યું.

**(BYTE: HARIPRAKASHDASJI SWAMI)**

-----------------------------------------------------------

## REV CRICKET ODI

ભારત અને ન્યૂઝિલૅન્ડની ટીમ વચ્ચે ત્રણ મૅચની એક દિવસીય શ્રેણીની બીજી મૅચ આજે રાજકોટમાં રમાઈ રહી છે. ખંડેરીના નિરંજન શાહ સ્ટેડિયમમાં રમાતી મૅચમાં ભારતે નિર્ધારિત 50 ઑવરમાં સાત વિકેટ ગુમાવી 284 રન કર્યા છે. ટીમ તરફથી સૌથી વધુ અણનમ 112 રન કે.એલ. રાહુલે બનાવ્યા.

જ્યારે સુકાની શુબમન ગિલે 56 , રોહિત શર્માએ 24 અને વિરાટ કોહલીએ 23 રન કર્યા હતા. તો, ન્યૂઝિલૅન્ડ તરફથી સૌથી વધુ ત્રણ વિકેટ ક્રિસ્ટિયન ક્લાર્કે લીધી હતી.

હાલમાં મળતાં અહેવાલ મુજબ , ન્યૂઝિલૅન્ડની ટીમે 19.5 ઑવરમાં 2 વિકેટ ગુમાવી 81 રન કર્યા છે.

*અગાઉ રવિવારે ભારતીય ટીમે વડોદરામાં પહેલી મૅચ ચાર વિકેટથી જીતીને આ શ્રેણીમાં એક-શૂન્યની સરસાઈ મેળવી છે. બંને ટીમ વચ્ચેની ત્રીજી અને છેલ્લી મૅચ આ રવિવાર ઇન્દોરમાં રમાશે.*

---

## Hanol International Kite Festival

ભાવનગરમાં પાલીતાણાના હણોલ ગામમાં ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ સુકાની કપિલ દેવે આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું , ગામડાઓમાંથી આ વતા ખેલાડીઓમાં લડવાની અને જીતવાની ભાવના હોય છે.

આ પ્રસંગે ઉપસ્થિત સાંસદ અરુણ ગો વિલે હણોલ ગામને આસપાસના ગામો , શહેરો અને દેશ માટે પ્રેરણારૂપ ગણા વ્યુ. તેમણે સકારાત્મક વિચાર ધરાવનારા ગ્રામજનોની પ્રશંસા પણ કરી હતી.

ઉલ્લેખનીય છે કે આ મહોત્સવમાં મેક્સિકો , મોરેશિયસ, ચિલી, શ્રીલંકા, કોસ્ટારિકા, રશિયા, મલેશિયા અને સ્પેન જેવા દેશ તેમજ વિ વિધ રાજ્યમાંથી આવેલાં પતંગબાજોએ અવનવાં અને આકર્ષક પતંગોના કરતબો રજૂ કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

----------------------------------------------------------------------------------

## Uttarayan Festival – Jivadaya

સમગ્ર રાજ્યમાં ઉત્તરાયણ પર્વ અંતર્ગત કરુણા અભિયાન ચાલી રહ્યું છે ત્યારે મહેસાણામાં વડનગર તાલુકાના રાજપુર અને કહીપુર ગામમાં જીવદયા અને પશુ પક્ષીઓની સુરક્ષા માટે એક અનોખી પહેલ કરવામાં આવી છે. તે અંતર્ગત પતંગની દોરીના ગુંચડાઓ ભેગા કરી જમા કરાવનારા લોકોને 500 ગ્રામ જલેબી વિનામૂલ્યે આપવાનો નિર્ણય કરાયો છે.

-------------------------------------------------------